# સ્ત્રી કેળવણી અને મહિલા વિકાસ

**રાવલ હિનાબેન ડી.**
૪૦૧,સુભદ્રા એપા., ભાવસાર હોસ્ટેલ, નવા વાડજ, અમદાવાદ- ૩૮૦૦૧૩
**મો.** ૮૫૧૧૧૮૯૩૮૪
hinaraval84@gmail.com
**ડો. અશોક પટેલ**
ઈન્ચાર્જ આચાર્ય, એસ.યુ.જી, કૉલેજ ઓફ એજ્યુકેશન, વાસણા અમદાવાદ
મો. ૯૪૨૬૦૦૪૫૪૨
dr.ashokpatel@gmail.com

---

આજના યુગમાં સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ ખૂબ જ વધી રહ્યું છે. જ્યારે ભારતીય સ્ત્રીઓની વાત કરીએ ત્યારે આપણી નજર સમક્ષ આજના સમયમાં બની રહેલી સ્ત્રીઓની કફોડી હાલતનો વિચાર આવે છે. સવારે અખબારો વાંચતા દરરોજ સ્ત્રીઓને લાંછનરુપ એકાદ એવો કિસ્સો તો જોવા મળે છે. આત્મહત્યા કરવી, દવા ગટગટાવવી, બળાત્કાર ગુજારવો, સળગી મરવું, સ્ત્રીઓની છેડતી થવી તે ઉપરાંત ઘરેલું હિંસાથી માંડીને સ્ત્રીઓની ભ્રૂણહત્યા, દહેજના પ્રશ્ને હત્યા, ત્રાસવાદ વગેરેના પ્રશ્નો સ્ત્રીઓ અને સમાજને હચમચાવી નાંખે છે. આવા સમયે સ્ત્રીઓમાં જાગ્રતતા લાવવી ખૂબ જ જરુરી છે. આવા પ્રશ્નોને શિક્ષિત સ્ત્રીઓ વધુ સરળતાથી સમજી શકે છે. પોતાના અધિકારો વિશે માથું ઉંચુ કરવા માટે શિક્ષણ અતિઆવશ્યક છે. ઉચ્ચ કુટુંબમાં સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવે છે પરંતુ આજે દરેક કુટુંબમાં અને સમાજમાં સ્ત્રી શિક્ષણ જરુરી છે.

**સ્ત્રી કેળવણીનો અર્થ :**

પ્રસ્તુત સંશોધનમાં સ્ત્રી કેળવણી અને મહિલા વિકાસ વિશે માહિતી આપવામાં આવી છે. પ્રવર્તમાન સમયમાં મહિલાઓ માટે શિક્ષણ એક અગત્યનો ભાગ ભજવે છે. શિક્ષિત મહિલાએ પુરુષ સમોવડી બની આજે દરેક ક્ષેત્રમાં પોતાની ઉત્તમ ભૂમિકા ભજવી વિકાસનાં સોપાનો સર કરે છે. પ્રથમ તો શિક્ષણનું સ્ત્રી જીવનમાં મહત્ત્વ અને નિરક્ષર સ્ત્રીઓની દશાનું વર્ણન છે. ત્યારબાદ સ્ત્રી કેળવણીનો અર્થ ગાંધીજીના શબ્દોમાં વર્ણવામાં આવ્યો છે.

**સ્ત્રી કેળવણીની સમસ્યાઓ :**

સ્ત્રી કેળવણીમાં સામાજિક આર્થિક સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમ કે, સમાજના રુઢિચુસ્ત લોકોનો સ્ત્રી શિક્ષણનો વિરોધ, પુરુષપ્રધાન સમાજ, સ્ત્રીઓનું કાર્યક્ષેત્ર માત્ર ઘરકામ સુધી સીમિત રાખવાનું વલણ, કુટુંબની નબળી આર્થિક

સ્થિતિઓના કારણે દિકરીઓને ના ભણાવવી. ગામડામાં અપૂરતી સગવડોના લીધે દિકરીઓને ભણાવવામાંથી ઉઠાડી મૂકવી જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

**સ્ત્રી શિક્ષણ અને મહિલા વિકાસ વચ્ચેના સંબંધો :**

સ્ત્રી શિક્ષણ અને મહિલા વિકાસ વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં મહિલા વિકાસ ન થવાના કારણો દર્શાવવામાં આવ્યા છે જેમ કે,

- પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું ઓછું મહત્ત્વ.
- સ્ત્રીઓ માટે સુવિધાઓનો અભાવ.
- મહિલાઓમાં જાગ્રતતાનો અભાવ.
- ગરીબી બેકારી નિરક્ષરતા આર્થિક શોષણ.
- સમાજમાં મહિલાઓનું સ્થાન.
- બાળવિવાહ, વિધવાવિવાહ

**વિવિધ ક્ષેત્રે સ્ત્રીઓની ભૂમિકા :**

વર્તમાન સમયમાં મહિલાઓએ દરેક ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. જેમ કે રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક, વહીવટી વગેરે. આજની મહિલાએ પોતાનામાં પડેલી શક્તિઓને ઓળખી છે. ભારતની લગભગ ૭૦% મહિલાઓ શિક્ષણનાં માધ્યમથી પોતાની સ્થિતિને બદલવાના પૂરજોશથી પ્રયત્નમાં લાગી ગઈ છે. તેના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવા ઉત્સુક છે.

**મહિલા વિકાસ માટે શિક્ષણનું મહત્ત્વ :**

શિક્ષણ એ મહિલા વિકાસ માટેનું પ્રથમ પગથિયું છે. શિક્ષણ અને વિકાસ આ બંને બાબતો પરસ્પર સંકળાયેલ છે. મહિલા વિકાસમાં શિક્ષણનું નીચે મુજબ મહત્ત્વ છે.

- મહિલાઓનો સર્વાંગી વિકાસ સાધવા માટે
- હક્કો અને અધિકારો વિશેની જાગૃત્તામાં વધારો
- સ્ત્રીઓ કુપોષણ અને રોગથી મુક્ત થશે
- મહિલાઓમાં સ્વાસ્થ્ય વિશેની જાગ્રતતા
- મહિલાઓનો સામાજિક વિકાસ
- મહિલાઓ

**ઉપસંહાર :**

આમ, પ્રસ્તુત સંશોધનમાં સ્ત્રીઓની વર્તમાન સ્થિતિ, શિક્ષણનું પ્રમાણ, સામાજિક સ્થિતિ, શિક્ષણ દ્વારા સ્ત્રીઓનો વિવિધ ક્ષેત્રે વિકાસ, શિક્ષણની સ્ત્રી જીવનમાં ભૂમિકા વિશે ગહન ચર્ચા કરવામાં આવી છે.